# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૬/૩/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીમાં ઝંપલાવવા ડાયમંડ અને ટેક્ષટાઇલના ઉદ્યોગપતિઓને ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝના રાજય કક્ષાના મંત્રીશ્રીનો અનુરોધ

## ફૂડ ઇન્ડિયા અંતર્ગત 'ફૂડ પ્રોસેસિંગમાં પડકારો અને સંભાવનાઓ' વિશે આખા દિવસની કોન્કલેવ યોજાઇ

સુરત. સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'ફૂડ એન્ડ એગ્રીટેક એક્ષ્પો– ૨૦૨૦' અને 'SBC બિઝનેસ એક્ષ્પો' પ્રદર્શન વેળાએ મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ, ભારત સરકાર તથા એગ્રીકલ્ચર, ફાર્મર્સ વેલ્ફેર એન્ડ કો–ઓપરેશન ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુકત ઉપક્રમે તેમજ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના સહયોગથી આજે સવારે ૧૧ થી સાંજે ૫ કલાક દરમિયાન સરસાણા સ્થિત પ્લેટીનમ હોલ ખાતે ફૂડ ઇન્ડિયા અંતર્ગત 'ફૂડ પ્રોસેસિંગમાં પડકારો અને સંભાવનાઓ' વિષય ઉપર આખા દિવસની કોન્કલેવ યોજાઇ હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન અને ઉદ્દ્ઘાટક તરીકે ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝના રાજય કક્ષાના મંત્રી શ્રી રામેશ્વર તેલી પધાર્યા હતા. જ્યારે ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝના ડિરેકટર શ્રી કે.બી. સુબ્રમણ્યમ, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના ચેરમેન શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના એમડી શ્રી કે.એસ. રંધાવા (આઇએફએસ) અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, ભારત સરકાર અને ગુજરાત સરકાર સાથે મળીને ચેમ્બર દ્વારા ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપવા તેમજ ખેડૂતો તથા ફૂડ પ્રોસેસિંગ બિઝનેસ સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓમાં અવેરનેસ લાવવા માટે કોન્કલેવ પણ યોજાઇ છે.

મંત્રીશ્રી રામેશ્વર તેલીએ કોન્કલેવને સંબોધન કરતા જણાવ્યુ હતુ કે, સુરતનો આર્થિક વિકાસ જોઈને આનંદની અનુભૂતિ થાય છે. આમ તો ગુજરાતમાં હું આઠ વખત આવી ચૂકયો છુ પણ સુરત પહેલી વખત આવ્યો છું અને સુરત માટે જે કંઈપણ સાંભળ્યુ હતુ તે એકદમ સાચુ પડયુ છે. ગુજરાતની પ્રજા સાહસિક અને ઉદ્યમી છે. ડાયમંડ અને ટેક્ષટાઇલ ક્ષેત્રના સફળ ઉદ્યોગકારોને તેમણે ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝમાં ઝંપલાવવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે કહયુ કે, ફૂડ પ્રોસેસિંગ મંત્રાલયને આ વર્ષે ૬ હજાર કરોડનું બજેટ ફાળવવામાં આવ્યુ છે. આ મંત્રાલય હેઠળની મહત્તમ યોજનાઓને ઓનલાઈન કરવામાં આવી છે. જેનો બહોળો લાભ લેવા તેમણે અનુરોધ કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારે ખેડૂતોની આવક બમણી કરવા પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના હેઠળ આઠ સ્કીમો ઓનલાઈન ઉપલબ્ધ કરી છે. જેમાં ૫૦ એકરના મેગા ફૂડ પાર્ક અને ૧૦ એકર જમીનમાં મિનિ ફૂડ પાર્કના નિર્માણ માટે રૂપિયા ૫૦ કરોડ સુધીની સબસિડી આપવામાં આવે છે. બેકવર્ડ–ફોરવર્ડ લીંક યોજના હેઠળ નાના–મોટા તમામ ખેડૂતોને સહાય આપવામાં આવે છે.

મેગા ફૂડ પાર્ક યોજના વિશે મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, મેગા ફૂડ પાર્કથી ખેડૂતોની આવક બમણી થશે અને સ્થાનિકોને રોજગારીનો પણ અવસર મળશે. ફૂડ પાર્કની મજબૂત ફોરવર્ડ અને બેકવર્ડ લિન્કેજ સાથે ખેડૂતોના ખેત ઉત્પાદનો સહેલાઇથી ખેતરમાંથી સીધા બજારમાં પોષણક્ષમ ભાવે વેચાય છે. ગુજરાતમાં માંગરોળ અને મહેસાણામાં ફૂડ પાર્ક બની ચૂકયા છે, ત્યારે ગુજરાતના કોઈપણ ઉદ્યોગપતિ સાહસિકો આ પ્રકારના મેગા ફૂડ પાર્ક નિર્માણ કરવા ઈચ્છે તો કેન્દ્ર સરકાર શકય બનતી તમામ સહાય કરવા માટે તત્પર છે. ઓર્ગેનિક ખેતીના વધતા મહત્વને સ્વીકારી ખેડૂતોએ ઓર્ગેનિક ખેતી અપનાવવી જરૂરી છે એમ જણાવી મંત્રીશ્રીએ આગામી દિવસોમાં ચેમ્બર ઓફ કોમર્સને મહિલા ઓર્ગેનિક ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરવાનું સૂચન પણ કર્યુ હતુ.

ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝના ડિરેકટર શ્રી કે.બી. સુબ્રમણ્યમે જણાવ્યુ હતુ કે, આપણે ઉત્પાદન ક્ષેત્રે ઘણા આગળ છીએ પણ પ્રોસેસિંગમાં પાછળ રહી જઇએ છીએ. આથી ફૂડ એન્ડ એગ્રોટેક ઇન્ડસ્ટ્રીમાં વેલ્યુ એડીશન કરવુ પડશે. તેમણે પણ સુરતના ઉદ્યોગપતિઓને ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રી ઉપર ફોકસ કરવા અનુરોધ કર્યો હતો. સાથે જ ઉદ્યોગ સાહસિકોને ડોમેસ્ટીક અને ઇન્ટરનેશનલ કક્ષાએ આગળ વધવા તેમજ ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રી માટે ગેધરીંગ ઇન્વેસ્ટમેન્ટ લાવવા હાંકલ કરી હતી.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના એમડી શ્રી કે.એસ. રંધાવા (આઇએફએસ)એ જણાવ્યુ હતુ કે, ટેક્ષટાઇલ અને ડાયમંડના ઉદ્યોગપતિઓ ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીમાં આવશે તો આ ઇન્ડસ્ટ્રી પણ નંબર વન પોઝીશન પર આવી જશે. ઉદ્યોગપતિઓએ ખેડૂતોને સપોર્ટ કરવો પડશે અને સસ્ટેનેબલ બેનીફીટનો વિચાર કરવો પડશે. ફૂડ ઇન્ડસ્ટ્રી બધાને સ્પર્શે છે. આથી આ ઇન્ડસ્ટ્રીને આગળ લઇ જવી છે. તેમણે કહયુ હતુ કે, ૩૧

માર્ચ ૨૦૨૦ સુધી કોલ્ડ ચેઇનના પ્રોજેક્ટ ખુલી ગયા છે. ટ્રાયબલ એરીયામાં ચીકુ, મેંગો અને કાજુ વિગેરેનુ ઉત્પાદન થાય છે. આ સેકટરને પ્રોસેસિંગમાં લઇ જઇશું તો ઇન્ડસ્ટ્રી ડેવલપ થઇ જશે.

શ્રી રંધાવાએ વધુમાં જણાવ્યુ હતુ કે, ગુજરાત હવે હોર્ટીકલ્ચર સેકટર તરફ જઇ રહયુ છે. સરકારે એગ્રી એક્ષ્પોર્ટ માટે ખાસ અલગથી પોલિસી બનાવી છે. વિદેશમાં પણ ભારત અથવા ગુજરાત બ્રાન્ડથી પ્રોડકટ જાય તે અંગેની વિચારણા પોલિસી માટે ચાલી રહી છે. તેમણે રાજય સરકારની ફૂડ પ્રોસેસિંગ માટેની સ્કીમ અને ઇન્સેન્ટીઝ તથા એગ્રી એક્ષ્પોર્ટ પોલિસી વિશે સમજણ આપી હતી.

ઈન્ડિયન પર્સપેકટીવ ઓફ ફૂડ પ્રોસેસીંગ ઈન્ડસ્ટ્રી ઉપર યોજાયેલા સેશનમાં વલ્લભ વિદ્યાનગરના એ.ડી. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી વિભાગના નિવૃત્ત પ્રિન્સીપાલ અને ડીન ડો. આર.કે. જૈન ગુજરાતમાંથી પ્રોસેસ કરાયેલા ફૂડની નિકાસની સંભાવનાઓ વિશે માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે ભારત હોર્ટીકલ્ચર પ્રોડકશન સેન્ટર બની શકશે અને વિશ્વ આખાને સપ્લાય કરી શકશે. ઇન્ફ્રાસ્ટ્રકચર ફાર્મ લેવલ પર પ્રોડયુસ કરવાની અને વર્ટીકલ ઇન્ટીગ્રેશનની જરૂર છે. ખેડૂતો પાસેથી ડાયરેકટ ઉત્પાદન યુઝર્સ પાસે જાય તેવી વ્યવસ્થા ગોઠવવાની જરૂર છે.

'નીડ ફોર રેગ્યુલેટરી એન્વાયરમેન્ટ' ઉપર યોજાયેલા સેશનમાં ગુજરાત એગ્રો ઇન્ફ્રાસ્ટ્રકચર મેગા ફૂડ પાર્ક સુરતના ડિરેકટર શ્રી પ્રણવ દોશીએ 'ફૂડ પાર્ક' વિશે માહિતી આપી હતી. જયારે નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સિટીના એસોસિએટ પ્રોફેસર ડો. પરાગ પંડીતે 'કોલ્ડ ચેઈન એન્ડ લોજીસ્ટીકસ ફોર અ હેલ્ધી ડેવલપમેન્ટ ઓફ ફૂડ પ્રોસેસીંગ ઈન્ડસ્ટ્રી' વિશે સમજણ આપી હતી. તેમણે કહયુ હતુ કે વસ્તુ સારી અને ગુણવત્તાલાયક રહેવા માટે કોલ્ડ સ્ટોરેજ જરૂરી છે.

'ઈનોવેશન્સ એન્ડ ન્યુ પ્રોડકટ્સ' વિશે યોજાયેલા સેશનમાં નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સિટીના પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડો. દેવ રાજે 'ઈમર્જીંગ ટ્રેન્ડ્સ ઈન ફૂડ પ્રોસેસિંગ સેકટર ઈન ઈન્ડિયા – ૩ડી પ્રિન્ટીંગ ઓફ ફૂડ્સ' વિશે માહિતી આપી હતી. જયારે નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સિટીના એસોસિએટ પ્રોફેસર ડો. આનંદ કસવાલાએ 'ઓર્ગેનિક ફાર્મિંગ એન્ડ બાયોફોર્ટીફાઈડ ફૂડ' વિશે ઉદ્યોગપતિઓ અને ખેડૂતોને સમજણ આપી હતી.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલ અને કોન્સ્યુલેટ લાયઝન કમિટીના ચેરમેન શ્રી ચિરાગ દેસાઇએ આખા કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ. ફૂડ એન્ડ એગ્રીટેક એક્ષ્પોના ચેરમેન ડો. વી. કુમાર અને કો–ચેરમેન શ્રી કે.બી. પીપલીયાએ પ્રાસંગિક વિધી કરી હતી. ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ સુરતમાં એર કાર્ગો ટર્મીનલને કારણે હવે ફૂડ એન્ડ એગ્રીટેક ઇન્ડસ્ટ્રીને વધુ વેગ મળશે તેમ જણાવી કોન્કલેવમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓ સહિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કોન્કલેવનું સમાપન થયુ હતુ.